## વ્યંગ વિશ્વ

- દિપેશ પરમાર







# કેએસવી ફેકલ્ટી ઑફ એજ્યુકેશન દ્વારા કાવ્યપઠન અને કાવ્ય રચના શિબિર યોજાઈ



ગાંધીનગર, તા.૭

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત ફેલ્ટી ઓફ એજ્યુકેશન દ્વારા કાવ્ય પઠન અને કાવ્ય રચના શિબિરનું આયોજન સેકટર-૨૩ ખાતે આવેલ કેન્દ્રીય પુસ્તકાલય, ફેકલ્ટી ઓફ એજ્યુકેશન, કડી કૅમ્પસ ખાતે યોજાઈ ગયો.

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા સંચાલિત વિવિધ વિભાગોમાંથી કવિતા લેખન અને કવિતા પઠનમાં રસ ધરાવતાં વિદ્યાર્થીઓને લઈને કાવ્યપઠન અને કાવ્ય લેખન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરના ઉદ્‌ઘાટન પ્રસંગે ફેકલ્ટી ઓફ એજ્યુકેશનના ડીન વીણાબેન પટેલ, કૅમ્પસ ડાયરેકટ ડૉ. સોમભાઈ પટેલ, નર્સિંગ કોલેજના કૅમ્પસ ડાયરેકટર ડૉ. આર.જે. વ્યાસ, પ્રખ્યાત સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ, પત્રકારત્વ વિભાગના ફેકલ્ટી મિતેશ મોદી ઉપસ્થિત રહ્યા હતા.

એક દિવસીય શિબિરના તજજ્ઞ તરીકે ડૉ. કેશુભાઈ દેસાઈએ વિદ્યાર્થીઓને કાવ્ય લેખન અને કાવ્ય પઠન એટલે શું ? વિસ્તાર પૂર્વક જ્ઞાન પૂરું પાડ્યું હતું. આ શિબિર અંતર્ગત ભાગ લેનારા પચીસેક વિદ્યાર્થીઓએ સ્થળ પર જ કાવ્યોની શીઘ્ર રચના કરી હતી, જેને ડૉ. કેશુભાઈએ ચકાસીને બહેતર બનાવવા સૂચનો આપ્યાં હતાં.

બીજા સત્રમાં ડૉ. આર જે વ્યાસ દ્વારા કવિતાથી મળતા માન અંગે વાત કરી તથા કવિતા કરતા રહેવા શીખ આપી હતી. એ પછી શિબિરાર્થીઓએ સ્વરચિત કાવ્યોનું પઠન કર્યું હતું. જેમાં પત્રકારત્વ વિભાગ વિદ્યાર્થી લિખિત 'બેઠો છું' અને બીઍડ કૉલેજના વિદ્યાર્થી લિખિત 'ગરવી ગુજરાત' કાવ્યો પ્રશસ્તિ પામ્યાં હતાં.

શિબિરમાં ભાગ લેનારા સૌ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં. અંતે, આભારવિધિ ભરત પટેલ અને નરેન્દ્ર નાયી દ્વારા કરવામાં આવી હતી.

## વિદ્યા સહાયકોની ભરતીમાં સામાજિક વિજ્ઞાનના વિષયવાળાઓને અન્યાય

ગાંધીનગર, તા. ૭

વિદ્યાસહાયકોની ભરતીમાં સામાજિક વિજ્ઞાનની પરીક્ષામાં બી.એ.માં મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, તર્કશાસ્ત્ર વિષયવાળાને હાઈકોર્ટના આદેશથી ટેટ-૨ની પરીક્ષા આપવા મંજૂરી આપવામાં આવી હતી, પણ હવે આ ઉમેદવારો પાસ થયા છે છતાં પણ નિમણૂંક આપવામાં આવી નથી. અને તેઓને પડતા મુકવામાં આવ્યા હોવાની ફરિયાદ ઉમેદવારોમાં ઉઠવા પામી છે. સામાજિક વિજ્ઞાનની પરીક્ષામાં બી.એ.માં મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, તર્કશાસ્ત્ર વિષયવાળાને નિમણુંક આપવા બાબતે નામદાર સુપ્રિમ કોર્ટમાં પ્રશ્ન પડતર પડ્યો છે. તેનો ચૂકાદો આપ્યો નથી. છતાં આવા વિષયવાળાને પડતા મૂકી ભરતીની નિમણુંક કરવાની કાર્યવાહી પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા હાથ ધરાઈ હતી.

ભરતી પ્રક્રિયામાં થઈ રહેલા અન્યાય બાબતે ઉમેદવારોમાં અસંતોષ થવા પામ્યો છે. લાભાર્થી ઉમેદવારોનું કહેવું છે કે, મનોવિજ્ઞાન, તર્કશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર વિષયવાળાને શરતી નિમણૂંક આપવા અથવા ભરતીની કાર્યવાહી સ્થગિત કરવા અને નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાની રાહ જોવા જણાવ્યું છે.

### સ્વ. રાસબિહારી દેસાઈને કલાપ્રેમી નાગરિકો તથા સંસ્થાઓની શ્રદ્ધાંજલી

ગાંધીનગર, તા. ૭

સુગમ સંગીત જગતના દેદિપ્યમાન સિતારા રાસબિહારી દેસાઈના નિધનથી ગાંધીનગર શહેર-જિલ્લાના કલાપ્રેમી નાગરિકો અને સંસ્થાઓએ ઊંડા શોકની લાગણી પ્રગટ કરી છે.

શિવરંજની, કલા ગુર્જરી અને ગાંધીનગર કલ્ચરલ ફોરમ જેવી સંસ્થાઓ અને તેમના અગ્રાણીઓ દ્વારા સ્વ. રાસબિહારી દેસાઈને શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી છે.

# સ્વામી વિવેકાનંદ વાચન પર્વમાં જોડાયેલો પ્રબુદ્ધ વર્ગ

ગાંધીનગર, તા. ૭

વ્યક્તિના સર્વાંગી વિકાસ માટેના શિક્ષણમાં વાંચન કૌશલ્યનું ખૂબ જ મહત્વ છે. તા. ૧૧મી સપ્ટેમ્બરથી ૧૧મી ઓક્ટોબર દરમિયાન સ્વામી વિવેકાનંદ વાંચન પર્વની ઉજવણી થઈ રહી છે. વાંચન પર્વ અંતર્ગત ધોરણ-૨ થી ૫ ના તમામ બાળકો માટે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, નગર શિક્ષણ સમિતિ, મ્યુનિસિપિલ સ્કૂલ બોર્ડ અને ટ્રસ્ટ મંડળ સંચાલિત અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં વાંચન કૌશલ્ય વિકસાવવા માટેનો સુંદર કાર્યક્રમ કાર્યરત છે. સ્વામી વિવેકાનંદ વાંચન પર્વ અંતર્ગત બાળકોને મદદ કરવા માટે વર્ગ શિક્ષકો, શાળાના મુખ્ય શિક્ષક તેમજ સી.આર.સી., બી.આર.સી. કો-ઓર્ડિનેટર્સ તેમજ તાલુકાથી લઈ રાજયકક્ષા સુધીના અધિકારી, કર્મચારી વાંચન પર્વમાં પોતાની ભૂમિકા અદા કરી રહ્યા છે. શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો, વાલીઓ, ગામના પ્રાથમિક શિક્ષણમાં રસ લેતા નાગરિકો તથા સમગ્ર સમુદાય આ પર્વમાં જોડાઈને બાળકો સારી રીતે વાંચતા શીખી શકે તે માટે મદદરૂપ બની રહ્યા છે.

## આજે રાજય કક્ષાની કલ્પના મેટસેટ કવીઝ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૭

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી અને ઈસરો દ્વારા આજે તા. ૮મી ઓકટોબર ૨૦૧૨ના રોજ સાયન્સ સીટી અમદાવાદ ખાતે રાજયકક્ષાની કલ્પના મેટસેટ કવીઝ સ્પર્ધા યોજાશે.

રાજય સ્તરીય કલ્પના-હવામાન ઉપગ્રહ (મેટસેટ) કવીઝ સ્પર્ધામાં રાજયભરમાંથી લગભગ ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષકો તેમના બ્રહ્માંડ વિષયમાં પ્રતિભા દેખાડશે. રાજયના ૨૬ જિલ્લાઓમાંથી ધોરણ-૮ થી ૧૦ની ૫૨ ટીમોના ૧૦૪ વિદ્યાર્થીઓ રાજયકક્ષાની આ સ્પર્ધામાં ભાગ લેશે. રાજયની શાળાઓના લગભગ ૧૮૦ શિક્ષકો અને લોક વિજ્ઞાન કેન્દ્રોના કો-ઓર્ડિનેટરો પણ આ સ્પર્ધામાં હાજર રહેશે. સ્પર્ધામાં વિજેતાઓને રોકડ ઈનામ તેમજ પ્રોત્સાહક ઈનામો આપવામાં આવશે. સમગ્ર કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના અધિક મુખ્ય સચિવ રવિ એસ. સકસેના હાજર રહેશે અને ઉદ્‌ઘાટન કરશે. અતિથિ વિશેષ તરીકે ઈસરોના ડાયરેકટર ડૉ. એ.એસ. કિરણકુમાર હાજર રહેશે અને કલ્પના મેટસેટ વિશેની વિસ્તૃત માહિતી આપશે.

# ગુજરાત ઈન્સ્ટીટ્યૂટ ઓફ સોલાર એનર્જીની પ્રથમ બેચના વિદ્યાર્થીઓનો એવોર્ડ સમારંભ યોજાયો



ગાંધીનગર, તા. ૭

ગુજરાત ઈન્સ્ટીટ્યૂટ ઓફ સોલાર એનર્જીએ આઈ.એસ.ઓ. ૯૦૦૧:૨૦૦૮ પ્રમાણિત સંસ્થા છે. જે સોલાર એનર્જી અને વ્યવસ્થાપન ક્ષેત્રમાં સ્થાયી થવા ઈચ્છતા લોકો માટે સહયક પરિબળ તરીકે કાર્યરત છે. ગુજરાત ઈન્સ્ટીટ્યૂટ ઓફ સોલાર એનર્જીની પ્રથમ બેચના વિદ્યાર્થીઓનો અભ્યાસક્રમ સપ્ટેમ્બર-૨૦૧૨ના રોજ પૂર્ણ થતા વિદ્યાર્થીઓને એવોર્ડ આપવાનો સમારંભ સંસ્થાના પટાંગણમાં બોરીજ, ગાંધીનગર ખાતે યોજાયો હતો.

પ્રથમ બેચના વિદ્યાર્થીઓના એવોર્ડ આપવાના સમારંભમાં સાહિત્ય સભાના પ્રમુખ દોલતભાઈ ભટ્ટ પ્રમુખ સ્થાને હાજર રહ્યા હતા અને વિદ્યાર્થીઓને એવોર્ડ આપી સન્માનીત કર્યા હતા.

સંસ્થાના પ્રિ. ડાયરેક્ટર સંધ્યાબેન શાહે આ પ્રસંગે ગુજરાત ઈન્સ્ટીટ્યૂટ ઓફ સોલાર એનર્જી શૈક્ષણિક સંસ્થા વિશે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, સંસ્થામાં એચ.એસ.સી.ને લગતા ત્રણ પ્રકારના અભ્યાસક્રમો ચાલે છે. ડિપ્લોમાં ઈન સોલાર એનર્જી જે ત્રણ મહિનાનો અભ્યાસક્રમ છે. જેમાં ધો. ૧૨ સાયન્સ પાસ વિદ્યાર્થી જોડાઈ શકે છે. ડિપ્લોમાં ઈન સોલાર એનર્જી જે ૬ મહિનાનો કોર્ષ છે જેમાં લઘુત્તમ લાયકાત ધો. ૧૨ પાસ માગી છે અને ત્રીજો કોર્ષ એડવાન્સ ડિપ્લોમાં ઈન સોલાર એનર્જીનો છે. જે એક વર્ષનો છે અને તેમાં જોડાવા માટેની લઘુત્તમ લાયકાત ગ્રેજ્યુએટ અથવા માસ્ટર ડિગ્રી ઈન એન્જીનિયરીંગ તથા સાયન્સ સ્ટ્રીમ છે.

ગુજરાત ઈન્સ્ટીટ્યૂટ ઓફ સોલાર એનર્જી સંસ્થા સ્થાનિક લોકોને આ ક્ષેત્રમાં શિક્ષણ અને તાલિમ આપી રોજગારી મેળવવા માટે તૈયાર કરશે. સોલાર એનર્જીના ક્ષેત્રમાં હાલ અને ભવિષ્યમાં ઉભી થનાર તજજ્ઞ માનવ શક્તિની જરૂરિયાત પુરી કરવામાં આ સંસ્થાની ભૂમિકા મહત્વની બની રહેશે.

આ સંસ્થામાં ટેકનિકલ કૌશલ્યવર્ધન તાલીમ દ્વારા યુવાનોની રોજગાર ક્ષમતા વધારવાનું તથા છેવાડાના ગામડાઓ સુધી સૌર ઉર્જાના ક્ષેત્રમાં બે રોજગાર યુવાનોને જોડવાનું સંસ્થાનું મુખ્ય ધ્યેય છે.

વિકસતા જતા સૌર ઉર્જાના ક્ષેત્રમાં માનવ કૌશલ્ય પુરુ પાડવા માટે ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોલાર ટેકનોલોજી દેશની પ્રથમ સંસ્થા છે. શૈક્ષણિક કાર્યક્રમોની મહત્તમ શૃખંલા યુવાનો માટે રોજગારીની ઉત્તમ તક બની રહેશે.

## રામપુર પ્રાથમિક શાળાનાં બાળકો દ્વારા હસ્તકલા નમૂના પ્રદર્શન

ગાંધીનગર, તા.૭

વનશ્રી ટ્રસ્ટ દ્વારા નિરમા ઈન્સ્ટીટયૂટના સ્થાપના દિન નિમિત્તે તાજેતરમાં સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા હસ્તકલા નમૂનાઓ તથા વેસ્ટમાંથી બેસ્ટ નમૂનાઓનું એક પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું.

નિરમા ઈન્સ્ટીટયૂટ દ્વારા ચલાવાતા ઓર્ગેનાઈઝેશન ઓફ સિવિલ એન્જીનિયરીંગ સ્ટુડન્ટસ (સેતુ) દ્વારા એક તદ્દન નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો હતો. અમદાવાદ જિલ્લાના સાવ નાનકડા ગામ રામપુર (ભોંયણ) પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલા હસ્તકલા નમૂનાઓ તથા વેસ્ટમાંથી બેસ્ટ નમૂનાઓનું એક પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓ સાથે નિરમા ઈન્સ્ટીટયૂટના વિદ્યાર્થીઓએ લાગણીનો સેતુ બાંધ્યો હતો. આખો દિવસ તેમની સાથે પર્યાવરણ સંબંધિત તથા જ્ઞાન સાથે ગમ્મત મળે તેવી અનેક પ્રવૃત્તિઓ કરી હતી.

## સંબંધ સજાવે જિંદગી

### બલિહારી ગુરુ આપ કી

- સ્વાતિબા રાઓલ

# દયાળુ અને કર્મશીલ મહિલાઓના સમુદાયના પ્રતિનિધિરૂપ લતાબેન



**લતાબેન ચાર દાયકાથી પણ વધુ વર્ષોથી નવરાશની પળોને ઉમદા કાર્યોની સુવાસથી મઘમઘતી કઈ રીતે રાખવી તે અંગે માર્ગદર્શન પુરું પાડી રહ્યાં છે**

હવાઈયન ટાપુઓ જેવા દુનિયામાં કેટલાય ટાપુઓ છે, જે ખરેખર દરિયાના પેટાળમાં છુપાયેલા ઊંચા પર્વતોની ટોચ છે ને હિમાલય કરતાંય વધારે ઊંચાઈ ધરાવતા હોય છે. કેટલાય વ્યક્તિ આ દુનિયાના સાગરમાં ભલાઈનાં કાર્યો કરી એટલી ઊંચાઈ પ્રાપ્ત કરતા હોય છે. પરંતુ દુનિયા તો તેના અંશમાત્રને જાણી શકે છે. આવું જ એક નામ એટલે લતાબેન ચોક્સી; જ્યોતિ મહિલા મંડળનો પર્યાય - પ્રમુખ. સમસ્ત ગાંધીનગરની દયાળુ અને કર્મશીલ મહિલાઓના સમુદાયના પ્રતિનિધિરૂપ લતાબેન ચાર દાયકાથી પણ વધુ વર્ષોથી ગાંધીનગરની મહિલાઓના ગુરૂ બની નવરાશની પળોને ભલાઈ અને ઉમદા કાર્યોની સુવાસથી મઘમઘતી કઈ રીતે રાખવી તે અંગે માર્ગદર્શન તથા નેતૃત્વ પુરું પાડી રહ્યાં છે.

નાનપણમાં શાળાજીવનમાં ૧ હજાર દોરડા સળંગ કૂદી બતાવવા કે બેડમિંટનમાં ચેમ્પિયન મેળવવી કે સુંદર ગરબા ગાવા-ગવડાવવા કે આંગળીના ટેરવા પર દસ મીણબત્તીઓ રાખી સુરતના કલેક્ટર પણ મંત્રમુગ્ધ થઈ જાય તેવું નૃત્ય કરવામાં જેટલી સહજતા અને ફાવટ હતી એટલી જ સહજતાથી આજીવન માનવધર્મ નિભાવ્યો. ગરીબ ત્યક્તા બહેનોને ઘોડિયાઘરમાં નોકરી આપવાની વાત હોય કે મૃત્યુ પામેલી સિનીયર સિટીઝન બહેનોનો અંતિમ શણગાર કરવાનો હોય - પોતાનાં સત્કાર્યોથી લતાબેને જન્મ અને મરણ બંને પ્રસંગોને પ્રતિષ્ઠિત ગૌરવ બક્ષ્યું છે. નશાબંધી અને દહેજ જેવા કુરિવાજો સામે સરકાર સાથે ખભેખભા મિલાવી ગામડાઓ ખૂંદ્યાં છે. ગાંધીનગરના હાર્દ સમા ઘ-૫ પર આંબળા જેવાં હજારેક વૃક્ષોનું વાવેતર અને ઉછેર કર્યા પછી પણ તેનાં ફળોના રસને ગ્રામ્ય વિસ્તારની શાળાઓનાં બાળકોને સુધારૂપે પાયો છે. પોલીસ કમિટીમાં સભ્ય રહી હંમેશા ગરીબ રીક્ષાવાળાઓની ભલાઈ અંગે વિચારતા લતાબેન પાસે એકવાર બધા રીક્ષાવાળાઓ ભેગા થઈ તેમને પોતાના યુનિયનના પ્રમુખ બનાવવાની મજાની દરખાસ્ત પણ લઈને આવ્યા હતા.

થોડાં વર્ષો પહેલાં ગાંધીનગર હજી વિકાસની પા-પા પગલી ભરતું હતું ત્યારે સૅક્ટર-૨૨માં એકમાત્ર ઘંટી બંધ થઈ ગઈ. મહિલાઓને દળાવવાની તકલીફ પડવા લાગી. આ મુશ્કેલી વચ્ચેથી માર્ગ ન કાઢે તો લતાબેન શાના ? તેમણે તે ઘંટી સરકાર પાસેથી મેળવી તેને સહકારી ધોરણે ચલાવવાની શરૂ કરી. આ માટે બહેનોને ખાસ રાત-દિવસની તાલીમ પણ આપવામાં આવી. ઘણાં વર્ષો આ ઘંટી ચાલી અને હમણાં પાંચેક વર્ષ પહેલાં જ બંધ કરવામાં આવી. કારણ કે ઘંટીની જવાબદારી લેવા માટે કોઈ બહેનો તૈયાર નથી. 'કર્મચારી'નગરની આ કરૂણતા નથી? ગરીબો અને મહિલાઓની ભલાઈ માટે આગેવાની લઈ શકે, સમય અને નિષ્ઠા આપી શકે તેવી યુવાન બહેનોની ફૉજ તૈયાર કરવાનું લતાબેનનું સ્વપ્ન છે.

માત્ર ગાંધીનગરમાં જ નહીં, આસપાસના ગ્રામ્ય વિસ્તારો સુધી પણ તેઓનાં કાર્યોની સુવાસ ફેલાયેલી છે. ડભોડા ભિક્ષુક-ગૃહની તરછોડાયેલી નિરાધાર, અર્ધપાગલ બહેનો માટે વર્ષમાં ચારથી પાંચ વખત મૅડિકલ ચૅક-અપ અને અન્ય સહાયતા નિયમિત રીતે લતાબેન પહોંચાડે છે. એકવાર તો એક ભિક્ષુક ભાઈએ પોતાના જ કાનમાં સિમેન્ટ ભરી દીધો હતો, તેને ગાંધીનગર લાવી અને તેના કાનનું ઑપરેશન કરાવ્યું હતું. સૅક્ટર-૨૪માં એક બાળલગ્નને અટકાવવા જતાં દસ-પંદર માણસો લાકડીઓ લઈને આવી પહોંચેલા ત્યારે જાનનું જોખમ વ્હોરીને પણ પોતાની મીઠી વાણી, સંયમ અને સાદગીપૂર્ણ વ્યક્તિત્વથી લગ્ન તો અટકાવ્યાં જ, સાથે ગુસ્સે થઈને આવેલા લોકોને ટાઢાબોળ કરી દીધા હતા. રસ્તામાં બિમારીથી બેહોશ પડેલા માજીને ઊઘાડા પગે હોસ્પિટલમાં લઈને ગયેલાં અને પોલીસની પૂછપરછને અવગણીને તેઓનો જીવ બચાવ્યો. આવા તો કંઈક કિસ્સા લતાબેનના નામે બોલે છે.

'ચૉક્સી'ના ઘરમાં રત્નની નવાઈ ન હોય ! એ રીતે તેઓના મોટા પુત્ર વલસાડમાં નાક-કાનના સર્જન છે અને છેવાડાના આદિવાસીઓ વચ્ચે સેવાનો ભેખ ધરીને બેઠાં છે. કાનની બહેરાશનો ઈલાજ કરાવવા આવેલી દીકરીનું મફત ઑપરેશન કરી તેનાં લગ્નનો માર્ગ મૉકળો કરી આપ્યો તો એકવાર એક આદિવાસીનું ઑપરેશન કર્યા પછી ખબર પડી કે તેની પાસે માત્ર સત્તર રૂપિયા છે. સેવાભાવી માતાની કૂખે જન્મેલાં આ ભલા ડૉક્ટરે તે આદિવાસીને ખિસ્સાના બસ્સો રૂપિયા આપી તેના ઘરે સાજા થવાની ખુશી અને દવા સાથે મોકલી આપ્યો. પુત્ર પણ પોતાના પગારમાંથી નિયમિત રીતે દસ હજાર રૂપિયા દર મહિને ગરીબ બાળકોને ભણાવવા માટે ખર્ચે છે, ત્યારે ઉમદા માના પનોતા પુત્રોને વંદના કરવાનું જ મન થાય ને !

ઘરે ભીખ માગવા આવતા જુવાન ભિખારીઓને આજુબાજુ ચાલતા કામ પર મજૂરીએ લગાડી ભલાઈ સાથે મહેનતનું ખાવાની શીખ લતામાસી ઘણાને આપી ચૂક્યા છે. ૮૨ વર્ષની ઉંમરે પણ તાજગી અને તરવરાટથી કોઈ જશ-અપજશની લગીરેય પરવા કર્યા વગર ચૂપચાપ કર્મ કરતાં લતાબેન નગરની બહેનોને અપીલ કરે છે કે વધુ ને વધુ બહેનો આગળ આવે અને ભાગીદારીથી સામાજિક ઉત્થાનનું કાર્ય સંભાળે.

શ્રીમતી મહાદેવી વર્માની આ પંક્તિઓ -

કહ દે મા ક્યા દેખું
તેરે અસીમ આંગન કી દેખું
ઝગગમ દિવાલી
યા ઈસ નિર્જન કોને કે બૂઝતે
દીપક કો દેખું
કહ દે મા અબ ક્યા દેખું...

ને સાર્થક કરતા પોતાના સુખ ભુલી હંમેશા દિન-દુખીઓની સેવામાં રત લતાબેન ગાંધીનગરની મહિલાઓના ગુરુ-ગોવિંદ સાબિત થઈ રહ્યા છે.

# આજે આપણે ભવિષ્ય કાળનો અભ્યાસ કરીએ

## આવો અંગ્રેજી શીખીએ

- ચેતના બુચ

હા, તો આપ વાચકોને ધીરે-ધીરે કાળના અભ્યાસ દ્વારા ફાવટ આવી ગઈ હશે, આજે આપણે ભવિષ્યકાળનો ત્રીજો પેટા વિભાગ પૂર્ણ ભવિષ્યકાળનો અભ્યાસ કરીએ. નવ કાળનો આ છેલ્લો પ્રકાર છે. ત્યારબાદ આપણે અંગ્રેજી વ્યાકરણનાં અનિવાર્ય અંગ સમા **article** નો અભ્યાસ કરીશું.

● પૂર્ણ ભવિષ્યકાળ : **Perfect Future Tense**

રૂપો : **To finish** પૂરું કરવું.

| Singular | Plura |
|---|---|
| 1. I Shall have finished<br>મેં પૂરું કરી લીધું હશે. | WE Shall have finished.<br>અમે પૂરું કરી લીધું હશે. |
| 2. You will have finished. | You will have finished. |
| 3. He will have finished.<br>She will have finished.<br>It will have finished. | They will have finished. |

● પ્રશ્નાર્થ રૂપો

| Singular | Plural |
|---|---|
| 1. Shall I have finished ?<br>શું મેં પુરું કરી લીધું હશે ? | Shall we have finished ?<br>શું અમે પુરું કરી લીધું હશે. |
| 2. Will you have finished ? | Will you have finished ? |
| 3. Will he heve finished ?<br>Will She have finished ?<br>Will it have finished ? | Will they have finished ? |

નોંધ : મિત્રો, નકારના રૂપો બનાવવા માટે **Shall** અને **will** પછી **not** મૂકાય.

- પ્રશ્નાર્થ રૂપો બનાવવા માટે **will** કે **Shall** પછી કર્તા મૂકી **have** + ભૂ.કૃ મૂકાય.

- **by** પછી સમય દર્શાવવા, **next Week, before this time, after this time** સાથે સમય દર્શાવવાથી આ રચના થઈ શકે.

**e.g. Mother will have cooked bofore I go home.**

- બસ, આ રીતે ભવિષ્યમાં અમુક સમયે કોઈ ક્રિયા પૂરી થઈ હશે એવું દર્શાવવા માટે આ કાળ વપરાય છે.

તો હવે, આ કાળ આધારિત કેટલાંક વાક્યોનું ગુજરાતીમાંથી અંગ્રેજીમાં રૂપાંતર કરીએ.

(૧) કાલે સાંજ સુધીમાં મેં આ નવલકથા પૂરી કરી લીધી હશે. (નવલકથા = **Novel**)

(૨) ડૉકટર આવે તે પહેલાં તો દર્દી મૃત્યુ પામ્યો હશે. (**To die** = મરવું)

(૩) રીટા મારા ઘરે આવે તે પહેલાં મે મારું ગૃહકાર્ય આટોપી લીધું હશે.

(૪) દિવાળી સુધીમાં કોન્ટ્રાકટરે (**Contractor**) આ મકાનનું બાંધકામ પૂરું કરી લીધું હશે. (**Construction** = બાંધકામ)

(૫) આવતીકાલ સાંજ સુધીમાં અમે ઘરે પાછા આવી ગયા હોઈશું.

આજે આપણે પરિચયાત્મક શબ્દોના વિભાગમાં પાણીને લગતા નવા શબ્દોનો પરિચય કેળવીએ.

પાણી = **Water**

**Bay** (બે) = ખાડી

**Brine** (બ્રાઈન) = ખારું પાણી

**Rivulet** (રીવ્યુલેટ) = વોકળો

**Rill** (રીલ) = નાનું ઝરણું

**Cataract** (કેટેરેક્ટ) = જળ ધોધ